ખાસ જરૂરી
અગત્યનું

જા.નં:નિ.અને અ.સ./ અષણ-૫ /૭૫૨/૧૫
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકારખાતુ ,ગુ.રા., ચોથેમાળ,
કૃષિભવન, પાલડી,અમદાવાદ.
ફોન.નં-૨૬૫૭૭૩૯૧, ફેક્સ- ૨૬૫૭૭૩૯૨
Email : exoff –agri- and @gujarat.gov.in
તા.૨૯/૭/૧૫

વિષય:- તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તથા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો તથા ફેડરેશન માટેની સતત અને સમવાયી અન્વેષણ વ્યવસ્થા બાબત

પરિપત્ર:-

આપ સર્વે ને સુવિદિત છે કે સહકારી મંડળીના સભાસદોનો સંસ્થા પ્રત્યે વિશ્વાસ જળવાઇ રહે, સંસ્થાનો વહિવટ સંપૂર્ણ રીતે સભાસદો તથા સંસ્થાના મહત્તમ હિતમાં હોદ્દેદારો દ્વારા થાય તેમજ વહિવટમાં પારદર્શિતા જળવાઇ રહે તે હેતુથી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ (જેનો હવે પછી ટૂંકમાં "અધિનિયમ" તરીકે ઉલ્લેખ થશે) ની કલમ-૮૪ માં તમામ સહકારી મંડળીઓનું વૈધાનિક અન્વેષણ પ્રત્યેક નાણાંકીય વર્ષમાં હાથ ધરવાની તથા કલમ-૮૫ માં સદરહું વૈધાનિક અન્વેષણ અહેવાલની દુરસ્તી અંગેની જવાબદારી રજિસ્ટ્રારશ્રી ઉપર લાદવામાં આવી છે.

આ વ્યવસ્થાના ભાગરૂપે તમામ પ્રકારની દૂધ સહકારી મંડળીઓના સતત અને સમવાયી અન્વેષણ માટે અધિનિયમની કલમ-૯૫ તથા ગુજરાત સહકારી મંડળીઓ નિયમો, ૧૯૬૫ના નિયમ-૩૯(એ) અન્વયે નિરીક્ષણ અને અન્વેષણ સમિતીને રચના કરવામાં આવેલ છે. અને સહકાર વિભાગના તા. 03/૧૦/૧૯૮૭ના નોટીફીકેશન ક્રમાંક: જીએચએચ/૮૧/૮૭/પીડબલ્યુઆર/૩૮૭/૨૨૩૮૧/કે થી અધિનિયમની કલમ-૮૪ તથા તા. ૨૯/૮/૧૯૯૪ના નોટીફીકેશન ક્રમાંક: એચ/૧૦૩/૮૪/પીડબલ્યુઆર/૧૩૦૩/૨૨૩૮/કે થી અધિનિયમની કલમ-૮૨ તથા કલમ-૮૫ની રજિસ્ટ્રારશ્રીની સત્તાઓ આ સમિતિને સુપ્રત કરવામાં આવી છે. તથા અધિનિયમની કલમ-૩(૨)(૩) મુજબ આ સત્તાઓના અમલીકરણ અર્થે સમિતિના સભ્ય સચિવ અને મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવ્યા છે.

ઉપર્યુક્ત વૈધાનિક અન્વેષણ વ્યવસ્થાના ભાગરૂપે ૨૦૧૫-૧૬ થી ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ, તમામ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો તથા તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનું સતત અને સમવાયી અન્વેષણ આ સમિતિના નિયંત્રણ હેઠળ રચાયેલા અન્વેષણ માળખા મારફતે ગોઠવાયેલ અન્વેષણ મહેકમ મારફતે કરવાનું રહેશે.

આથી સંબંધકર્તા સર્વેને જણાવવામાં આવે છે કે ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. તમામ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો તથા તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનું સને-૨૦૧૫-૧૬ થી સતત અને સમવાયી ઓડીટ તાત્કાલિક અસરથી હાથ ધરવાનું રહેશે અને આ અન્વેષણ વ્યવસ્થાના સુચારૂ અમલીકરણ માટેની જરૂરી વ્યવસ્થા ગોઠવવા માટે ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ,તમામ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો તથા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવામાં આવે છે.

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે. અને તેનો વિગતવાર અહેવાલ સાથે અત્રે જાણ કરવાની રહેશે. આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ પાઠવવી.

( કૌશિક જોષી )
મુખ્ય કાર્યપાલક અધિકારી અને સભ્ય સચિવ,
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકાર ખાતું, ગુ.રા, અમદાવાદ

પ્રતિ,

(૧) સ્પે.ઓડીટરશ્રી, (મિલ્ક ઓડીટ) મિલ્ક ઓડીટ ઓફીસ, તમામ (આપના તાબાના કર્મચારીઓને પરિપત્રીત કરી, ચૂસ્તપણે અમલ કરવા સારૂ.)

(૨) જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ તમામ. (જાણ તેમજ મિલ્ક ઓડીટની સંકલન બેઠક તથા એકસૂત્રતા બેઠકમાં ચર્ચા-પરામર્શ સારૂ.)

(૩) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિ. આણંદ.(જાણ તેમજ જરૂરી વ્યવસ્થા ગોઠવવા સારૂ)

(૪) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (તમામ) (જાણ તેમજ જરૂરી અર્થે)

(૫) કચેરીના તમામ અધિકારીઓ અને શાખાવડાશ્રીઓ.

નકલ સાદર રવાના:-

(૧) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ. ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) પ્રમુખશ્રી, ગુજરાત સહકારી ટ્રિબ્યુનલ, અમદાવાદ.

(૪) સંયુક્ત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, તમામ.

(૫) અધિક રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) સહકારી મંડળીઓ, રાજકોટ

(૬) સંયુક્ત રજિસ્ટ્રાર અને ખાસ અન્વેષક (વિભાગીય) અમદાવાદ/વડોદરા.

(૭) ખાંડ નિયામકશ્રી, ગાંધીનગર.

(૮) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વાણીજ્ય), વડી કચેરી, ગાંધીનગર

(૯) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (વહીવટ), વડી કચેરી, ગાંધીનગર (વેબ સાઇટ ઉપર મૂકવા વિનંતી સહ)

(૧૦) સંયુક્ત રજિસ્ટ્રારશ્રી (ઓડીટ), વડી કચેરી, ગાંધીનગર

નકલ રવાના પ્રતિ
ઓડીટર ગ્રેડ- ૧/સબ ઓડીટરશ્રી
ડેરી - તમામ જાણ તથા અમલ કરવા સારૂ

જા.નં. ઓડીટ/૦૧/ /૨૦૧૫
મિલ્ક ઓડીટ ઓફીસ ગોધરા
તા.૨૦/૮/૨૦૧૫